જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૮	૦	૧૨૮	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૧૪૬૪	૧૮૫	૮૧૬૪૯	૮૨૪૮૪	૧૯૩	૮૨૬૭૭
કુલ		૯૮૦૬૩	૧૮૫	૯૮૨૪૮	૧૦૭૦૧૩	૧૯૩	૧૦૭૨૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૫	૫,૩૯,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૬૬	૧૧,૬૬,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ

મિલકત સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી. શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા **ગૌરવ ઉર્ફે ગવો સ/ઓ ધીરજભાઇ પરમાર ઉ.વ.૩૪ રહે-ત્રીકમલાલની ચાલી નં.૨, સરસપુર, અમદાવાદ શહેર.** નાઓની વિરુધ્ધમાં (૧) રખિયાલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૯૨૧૧૦૫૯/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૨૪૫૧ /૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૯૮/૨૦૨૨ તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૩૧/૦૧/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૨/૨૦૨૨**

રખીયાલઃ ટોનુ કિશનલાલ અગ્રવાલ (ઉ.વ.૩૭) (રહે. બડા તખ્તા જૈન મંદીર સામે તા.જી.ટોંક રાજસ્થાન) એ તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ ગ્લોબલ રિસોર્સીસ કંપની સોમા ટેક્ષટાઇલ મીલ કમ્પાઉન્ડ બી/એસ કોમ્મેટ એસ્ટેટ ખાતેથી આરોપી (૧) નાગેશકુમાર નરેંદ્રકુમાર કટારીયા (૨) યોગેશકુમાર કટારીયા અને (૩) મોહમદ શાકીર એ ભેગા મળી ટ્રેડ ઇન્ડીયા માર્ટ વેબસાઇટ ઉપર બાયોડીઝલ મટેરીયલ માટે જાહેરાત આપી મોબાઈલ નંબર ૯૩૫૫૪૪૫૮૯૯, ૯૩૧૯૦૯૨૪૪૦, ૯૩૧૯૦૯૨૪૩૭ ઉપર સંપર્ક કરવાનુ જણાવતા ટોનુ અગ્રવાલના ભાગીદાર મહેદ્રકુમાર બજરંગકુમાર વીજેવરગી નાઓએ બાયોડીઝલ મટેરીયલ માટે સંપર્ક કરી ૧૦ બેરલ બાયોડીઝલ કિમત રૂપિયા ૧,૨૩,૨૦૦/- મંગાવતા તેઓએ એડવાન્સ પેટે રૂપિયા ૧,૧૫૦૦૦/- તેઓના બેંક ખાતામાં ભરાવડાવી માલ નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ મિતેશ લક્ષ્મીકાન્ત શેઠીયા (ઉ.વ.૫૪) (રહે. ત્રીદેવ ટાવર ભક્તિ માર્ગ મુલુન્ડ વેસ્ટ મુંબઇ) એ તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી આઇનોક્ષ વિન્ડ લી. તથા આઇનોક્ષ વિન્ડ ઇનફાસ્ટ્રકચર સર્વીસીસનાં સંચાલક (૧) પ્રમોટર દેવાંશ જૈન ડાયરેકટર (૨) વિનીત વેલેન્ટાઇન ડેવીસ (૩) કૈલાશ તારાચંદાની (૪) ગોવિંદ પ્રકાશ રાઠોડ (૫) મનોજ શંભુ દિક્ષીત અને (૬) મુકેશ માંગલિક એ ભેગા મળી મિતેશ શેઠીયા સાથે કેન સર્વીસનું કામ કરી શરૂઆતમાં રેગ્યુલર પેમેન્ટ કરી વિશ્વાસ અને ભરોષો આપી સને-૨૦૧૭ થી આજદીન સુધીમાં એસ.જી.રોડ વાય.એમ.સી. કલબ પાસે વેસ્ટ ગેટ કોમ્પલેક્ષ બારમા માળે શેઠીયા ઇરેકટર્સ એન્ડ મટીરીયલ હેન્ડલર્સ લી.કંપની ખાતેથી કેન સર્વિસીસનુ કામ કરી બાકી નિકળતા રૂપિયા ૧૯,૮૯,૮૭,૭૩૧/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ગામેતી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૧૩/૨૦૨૨**

નારણપુરાઃ ઉત્પલભાઇ કાંતિલાલ પટેલ (રહે. સરદાર પટેલ કોલોની સરદાર પટેલ બાવલા ચાર રસ્તા નારણપુરા) એ તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૩૧/૦૧/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજા ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

વાસણાઃ દિપકભાઇ વાઘજીભાઇ ચાવડા (રહે. સ્વામિનારાયણ પાર્ક-૩ ન્યુ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૩૧/૦૧/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વાસણા ચામુંડાનગર શેરી નંબર-૫ ઘર નંબર-૪ ના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૬૫૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મકારાણી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૧૪/૨૦૨૨**

રિવરફ્રંટ ઈસ્ટઃ અશોકભાઇ પ્રેમચંદભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૫) (રહે લક્ષ્મીનગર સોસાયટી માનસરોવર રોડ પાલનપુર બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રંટ ગાર્ડન ગેટ નંબર-૩ પાછળ રીવરફ્રંટ વોક વે ઘાટ નંબર-૫ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

અમરાઇવાડીઃ સોનલબહેન મહેશભાઇ વાઘેલા (ઉ.વ.૩૫) (રહે. બ્લોક-આર ૫૮/૨૦૨ મહાલક્ષ્મીનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી ડી.આર.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.